# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ELEPHANTIASIS ERADICATION 3RD ROUND

હાથીપગા રોગ નાબૂદીના લક્ષ્યને સિદ્ધ કરવાના હેતુસર આજથી ત્રણ દિવસ રાજ્યના કેટલાક જિલ્લામાં સામૂહિક દવા વિતરણ કાર્યક્રમના ત્રીજા તબક્કાનો પ્રારંભ થયો. નેત્રન્ગ , નાન્દોદ, ડેડિયાપાડા અને વઘઈમાં આ કાર્યક્રમ અંતર્ગત ચાર તાલુકાની પાંચ લાખ વસતિને આવરી લેવાશે.

નર્મદાના રાજપીપળામાં આવેલી શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય ખાતે હાથીપગા મુક્ત અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે નાન્દોદનાં ધારાસભ્ય ડૉક્ટર દર્શના દેશમુખે કહ્યું , આ ઝૂંબેશનો મુખ્ય ઉદ્દેશ રોગ થાય તે પહેલાં જ સાવચેતી રાખવાનો છે.

આ ત્રણ દિવસ દરમિયાન કાર્યકરો અને દવા વિતરકો ઘરે ઘરે જઈને લોકોને હાથીપગાથી બચાવની ગોળી આપશે. નાન્દોદ અને ડેડિયાપાડા તાલુકાના 283 ગામની અંદાજે ત્રણ લાખ 37 હજાર વસતિને આવરી લેવા આરોગ્ય વિભાગની 487 ટુકડી કાર્યરત્ કરવામાં આવી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# GNR TRAFFIC DRIVE

ગાંધીનગરમાં ટ્રાફિક પોલીસની ત્રણ ટુકડી દ્વારા નવા અને જૂના સચિવાલયમાં વિશેષ ટ્રાફિક ઝૂંબેશ હાથ ધરાઈ. જે દરમિયાન સચિવાલયમાં આવતા કર્મચારીઓ અને વાહનચાલકોની તપાસ કરવામાં આવી. તેમજ હેલમેટ અને સિટબેલ્ટ ન પહેરનારા વાહનચાલકોને દંડ કરાયો.

(VOICECAST: DURGESH MEHTA)

. . . . . . . . . . . . .

# JUNAGADH BHAVNATH MELA

ભક્તિ, સંસ્કૃતિ અને પ્રકૃતિના સંગમ સાથે ગિરનારની તળેટીમાં આવતીકાલથી મહાશિવરાત્રિના મેળાનો પ્રારંભ થશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે મેળાનો વિધિવત્ પ્રારંભ કરાશે. મેળાને લઈ તંત્ર દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી છે. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(VOICECAST: SANJIV MEHTA)

. . . . . . . . . . . . .

# RBI WEEK

ભારતીય રિઝર્વ બૅન્ક – R.B.I. દ્વારા આગામી 13 તારીખ સુધી નાણાકીય સાક્ષરતા સપ્તાહનું આયોજન કરાયું છે. નાણાકીય જાગૃતિ —સુરક્ષિત બૅન્કિંગ પ્રથાઓને વધુ પ્રોત્સાહિત કરવાના હેતુસર "KYC—સુરક્ષિત બૅન્કિંગ તરફ તમારું પહેલું પગલું" વિષયવસ્તુ હેઠળ આ સપ્તાહની ઉજવણી થઈ રહી છે.

ભારતીય રિઝર્વ બૅન્કના અમદાવાદ પ્રાદેશિક કાર્યાલય દ્વારા ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી , દમણ અને દીવમાં બૅન્ક તેમજ હિતધારકો સાથે મળીને તમારા ગ્રાહકને જાણો - KYCના પુનઃનોંધણીકરણને વધુ સરળ બનાવવા નજીકથી કાર્ય કરવામાં આવી રહ્યું છે.

સપ્તાહ દરમિયાન અભિયાનમાં KYCનું પાલન સરળ અને સુવિધાજનક હોવા પર વધુ ભાર અપાશે. સાથે જ સૅન્ટ્રલ KYC વિશે જાગૃતિ, ગ્રાહકોને KYC સંબંધિત છેતરપિંડી કૉલ્સ અને સંદેશાઓથી સાવચેત કરાશે.

. . . . . . . . . . . . .

# DWARKA DAM DARVAJA

દેવભૂમિદ્વારકામાં  વર્તુ-બે બંધના ચાર દરવાજા ખોલવામાં આવ્યા છે. હાલ સમારકામના કારણે નિયંત્રિત રીતે  બંધમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. તેને લઈ નદી કાંઠાના ગામોને ચેતવણી અપાઈ છે. તેમજ આસપાસના નદી વિસ્તારના લોકોને સાવચેત રહેવા  અને નદીના પટમાં અવરજવર ન કરવા સૂચના   અપાઈ છે.  કોઈ પણ આકસ્મિક સ્થિતિમાં તંત્રને તાત્કાલિક જાણ કરવા પણ અપીલ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DADRA NAGARHAWELI G RAM G WORK

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના કિલવણી ગામમાં વિકસિત ભારત જી રામ જી કાયદા હેઠળ ચેકડેમની સફાઈની કામગીરી હાથ ધરાઈ. ચેકડેમ સફાઈથી વિસ્તારમાં પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો અને ભૂગર્ભજળના સ્તરમાં સુધારો થશે. જેનાથી ગ્રામજનોને લાંબાગાળાના લાભ મળશે.

. . . . . . . . . . . . .

# BOTAD BJP ON BUDGET

બોટાદમાં જિલ્લા ભાજપ દ્વારા કેન્દ્રીય અંદાજપત્રમાં શ્રમિકો માટે જાહેર કરાયેલા લાભ અંગે શ્રમિક સંવાદ કાર્યક્રમ યોજાયો. જિલ્લા ભાજપ પ્રમુખની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં શ્રમિકોને અંદાજપત્રની વિસ્તૃત માહિતી અપાઈ.

. . . . . . . . . . . . .

# MAHESANA FIRE VEHICLE

રાજ્ય સરકાર દ્વારા મહેસાણા મહાનગરપાલિકાના અદ્યતન ટૅક્નોલૉજી ધરાવતા ચાર ચક્રીય વાહનની ફાળવણી કરવામાં આવી છે. સાત કરોડ રૂપિયાની કિંમતનું આ વાહન આગ બુઝવવાની સાથે બચાવવાની કામગીરી માટે ઘણું ઉપયોગી સાબિત થશે. તેમાં બે હજાર 500 લિટર પાણીના સંગ્રહની ક્ષમતા છે અને તે નવ માળની ઊંચાઈ સુધી રાહત અને બચાવ કામગીરી કરવામાં સક્ષમ છે.

. . . . . . . . . . . . .